'ગરો' 'ગરોડા' શબ્દના સ્થાને "ગુરૂ બ્રાહ્મણ"
શબ્દ પ્રયોજવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંક: અહલ-૧૨૨૦૧૩-૭૧૪૩૦૮-છ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૨/૦૨/૨૦૧૭

પરિપત્ર:

ભારત સરકારે સને ૧૯૭૬ના અધિનિયમથી દરકે રાજ્ય તથા સંઘ પ્રદેશ માટે અનુસૂચિત જાતિ તેમજ અનુસૂચિત જનજાતિની યાદી બહાર પાડેલ છે. ગુજરાત રાજ્ય માટેની અનુસૂચિત જાતિની યાદીમા ક્રમ-૧૧ પર દર્શાવેલ "ગરો" -"ગરોડા" જાતિમાં ગરો અથવા ગરોડા શબ્દની જ જગ્યાએ વ્યવહારની ભાષામાં "ગુરૂ બ્રાહ્મણ" તરીકે ઓળખવામાં આવે તે માટે જરૂરી હુકમો અથવા તો સૂચનાઓ પ્રસારિત કરવા બાબતની રજૂઆતો વિવિધ સંગઠનો તરફથી સરકારશ્રીને મળેલ હતી.નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણે પણ તેમના તા.૧૧/૧૨/૨૦૧૩ના પત્રથી ગરોડાને બદલે "ગુરૂ બ્રાહ્મણ" શબ્દ સુધારવા અભિપ્રાય આપેલ. આમ વિવિધ સંગઠનો તરફથી મળેલ રજૂઆતો તેમજ નિયામકશ્રી(અ.જા.ક.)ના અભિપ્રાય મુજબ જરૂરી સુચનાઓ બહાર પાડવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

આ અંગે સરકારશ્રીએ હાલ "ગરો" "ગરોડા" તરીકે ઓળખવામા આવતા હોય તેવા સમુહ કે જ્ઞાતિને કે તે મુજબ સંબોધન કરવામા આવતુ હોય તે જાતિના લોકોને વ્યવહારની ભાષામાં "ગુરૂ બ્રાહ્મણ" તરીકે ઓળખવામાં /સંબોધન કરવામાં આવે તે મુજબ નિર્ણય કરેલ છે.

આ પરિપત્ર ગરો-ગરોડા જાતિની વ્યક્તિઓને રોજબરોજના વ્યવહારમાં/બોલ-ચાલની ભાષામાં" ગુરૂ બ્રાહ્મણ "શબ્દો પ્રયોજવાના રહેશે ..આ પરિપત્રથી અનુસૂચિત જાતિના ભાઇઓ માટે બંધારણ અને અન્ય વૈધાનિક જોગવાઇઓમાં વપરાયેલા શબ્દો,પર્યાયો અને તે અન્વયે તેમને મળવાપાત્ર થતાં લાભોને કોઇ વિપરીત અસર થશે નહિ.

ઉપર્યુક્ત સુચનાઓનો અમલ ચુસ્તપણે થાય તે માટે સંબંધિત વિભાગો/ખાતાના વડા/કચેરીના વડાઓ વગેરેને આથી વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

•માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
માન.સર્વેમંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/ સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ
•સાચિવશ્રી,ગુજરાત તકેદારી અયોગ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
•સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
•સચિવશ્રી,ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
•સચિવશ્રી,ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,ગુજરાત રાજ્ય,અમદાવાદ.
•સચિવશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો(તેઓ હસ્તકના ખાતા/કચેરીના વડાઓ/બોર્ડ કોર્પોરેશન/યુનિવર્સીટીઓ વગેરેને આ અંગેની જાણ કરવાની વિનંતી સહ)
નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
માહિતી નિયામકશ્રી,ગુજરાત રાજ્ય, ગાંધીનગર. (અગ્રગણ્ય દૈનિક અખબારપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપવા સારુ)
સેક્શન અધિકારીશ્રી,કોમ્પ્યુટર સેલ, વિભાગની વેબ સાઇટ પર મૂકવા વિનંતી.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓ, બોર્ડ/કોર્પોરેશન(મારફતે નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણ કચેરી)
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
વિભાગની તમામ શાખાઓ,
સર્વે નાયબ નિયામકશ્રી(અ.જા.ક.)/સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(મારફતે નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણ કચેરી)
શાખા પસંદગી ફાઇલ
• પત્ર દ્વારા